॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● કારતક વદ-૨ ● તા. ૦૨-૧૨-૨૦૨૦ ● બુધવાર SDP NO: 228 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

સયાજી નગરી એકસપ્રેસ રાત્રે કચ્છ એકસપ્રેસ નાં સમયમાં ફેરફાર

સ્પેસ્યલ ટ્રેન સયાજી નગરી એકસપ્રેસ ૦૮૧૧૫/૧૬ તથા કચ્છ એકસપ્રેસ ૦૮૨૫૫/૫૬ માં સમયસારણી માં સામાન્ય ફેરફાર તા. ૧/૧૨/૨૦થી કરવામાં આવેલ છે.

સયાજી નગરી એકસપ્રેસ ૦૮૧૧૫ દાહદ થી બપોરનાં ૩.૨૦ નાં ઉપડી બીજા દિવસે બુજ સવારનાં ૬.૩૫ નાં પહોચશે. વળતી દિશામાં ટ્રેન નં. ૦૮૧૧૬ રાતનાં ૧૦.૩૫ ઉપડી બીજા દિવસે બપોરનાં ૧.૫૫ નાં દાહદ પહોચશે.

કચ્છ એકસપ્રેસ ૦૮૨૫૫ ભાવનગર ટર્મિનસ થી સાંજ નાં ૫.૪૫ નાં ઉપડી બીજા દિવસે સવારનાં ભુજ ૮.૩૦ નાં પહોચશે. વળતી દિશામાં ટ્રેન નં. ૦૮૨૫૬ ભુજ થી રાતનાં ૮.૧૫ ઉપડી બીજા દિવસે સવારનાં ૧૧.૪૫ નાં ભાવનગર પહોંચશે.

કચ્છ માં RTPCR ટેસ્ટ માટે ભુજ માં હોસ્પિટલમાં ૨૪ કલાક એમીટ થવું પડશે, એવાં વાહીયાત મેસેજ અમુક સંસ્થા ફેલાવી રહીછે. આવી સંસ્થા નાં મેસેજ પર ભરોસો ન કરવો.

વિ. નિવેશ શ્યામ શાહ, શ્રી કચ્છ પ્રવાસી સંઘ

અગત્યની સૂચનાઓ ગુરૂ વાંચજો

૧) સમયસર ૩ડિસેમ્બર એ ગુરૂવારે રાત્રે ૮ વાગે વેબીનાર શરૂ કરીશું.

૨) સૃષ્ટિ પૂરતુંજ ઉપર લાઈક કરીશું.

૩) ખેડૂતો સવાલ પુછવા માટે યુ ટ્યૂબ ઉપરના કોમેન્ટ વિભાગ ઉપર સવાલ લખી ઓનલાઈન પૂછી શકાશે, અથવા ૯૮૨૫૦૬૧૩૩૦ ઉપર વોટસએપ સંદેશ અથવા SMS કરી સવાલ પૂછી શકાશે. આપના સવાલો અગાઉથી પણ મોકલી શકાશે.

૪) લેડફોન કે ઈયરફોનનો ઉપયોગ કરવાથી અવાજ સારી રીતે સાંભળી શકાશે.

» ગુજરાતમાં RTPCR ટેસ્ટ હવે 800 રુપિયામાં થશે

» નીતિન પટેલની મોટી જાહેરાત

» ઘરે આવીને ટેસ્ટ થશે તો 1100 રુપિયા થશે



Honey Bee
http://sristi.org/hbnew
www.youtube.com

- સૃષ્ટિ સંસ્થા અને ગુજરાત ઓર્ગેનીક વનસ્પતિ બોર્ડના સંયુક્ત ઉપક્રમે વેબીનાર
- આંબળાની ખેતી, મૂલ્યવર્ધન અને વેચાણના અનુભવો અંગે ખેડૂતો માટે વેબીનાર
- તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૦ - ગુરૂવાર, સમય: રાત્રે ૦૮:૩૦ થી ૦૯:૩૦
- લિંક - https://www.youtube.com/user/hbncon

◆ અનુભવી વક્તાઓ ◆

૧) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી (કૃષિ વિજ્ઞાની, — આંબળાની ખેતી અંગે માર્ગદર્શન)

૨) નટવરભાઈ ધનજીભાઈ પટેલ (આંબળાની ખેતી)
મુ. મંડલોપ, તા. સાણસા, જિ. પાટણ મો. ૯૬૦૯૫૦૮૫૧૩

૩) બળવંતભાઈ મોહનભાઈ પટેલ (આંબળાની ખેતી અને મૂલ્યવર્ધન)
તા. બાયડ, જિ. અરવલ્લી, મો. ૯૪૨૬૫૩૧૬૨

૪) વનલક્ષ્મી વૃક્ષ ઉછેર મંડળી (આંબળાની ખેતી અને મૂલ્યવર્ધન)
મુ. ગણેશપુરા, જિ. મહેસાણા મો. ૯૮૯૮૧૬૧૬૮૦

૫) પારૂલબેન ઝવેરી (આઈટિક અને પ્રયોગશીલ ખેડૂત - આંબળામાંથી વિવિધ ઉત્પાદનો અને વેચાણના અનુભવો) અમદાવાદ, શેલ. ૦૭૯ ૨૬૪૨૦૮૨૨ (ઓફીસ)

૬) મિથલભાઈ અમીન (ઉદયમી અને ખેડૂત - આંબળામાં મૂલ્યવર્ધન અને નિકાસના અનુભવો)
અમદાવાદ, મો. ૯૮૨૫૦૩૯૯૯૦

૭) હિરજીભાઈ બીગરાદિયા (જૈવશ્રી કર્મશીલ ખેડૂત અને કૃષિ લેખક - આંબળામાં મૂલ્યવર્ધન)
ભાવનગર, મો. ૯૩૨૭૫૭૨૨૬૭

૮) ડૉ. જગદીશ પ્રસાદ (નિવૃત્ત IFS) (મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ,) ગાંધીનગર.

વેબીનારની ચર્ચા નું વિસ્તેપત્ર અને ભાવિ માર્ગદર્શન.

★ આ સેમીનાર નિઃશુલ્ક છે. ★

અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી.

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.

સિઝન છે લગ્નસરા ની.. ખર્ચ કરવો છે પણ થતો નહીં.. આવકારવા લાયક થર્ડ એમ્પાયર નો અભિગમ....


ગોરેગ કાંઢેરા સુરત..

બારડોલીની અનોખા લગ્ન : સાદાઈથી લગ્ન કરી ત્રણ લાખ રૂપિયા કોરોનાગ્રસ્તો માટે PM ફંડમાં આપ્યા.

આ માહિતી અહીં એટલા માટે લખવામાં આવી છે કે કચ્છ સમાજ જ નહિ પણ અનેક લગ્ન પ્રસંગ હેવામાં આવ્યા. મને કમને બાંધછોડ મહેમાન માં કરી, ઠંડાકા માં કરી, DJ સાઉન્ડ માં કરી ને ફ્યાંક આપણે માં પણ કરી. વાડી કે પાર્ટી પ્લોટ ના ભાડા પણ ન્યુકવવા ના પડ્યા. રિસેપ્શન ના ખર્ચ પણ બચ્યા.. વળી એવું પણ બન્યું કે હનીમૂન ટ્રીપ માં જવાની પણ આ સમયે કોઈ તૈયાર નથી.. આમ અનેક ને ખર્ચ કરવો હતો પણ કરી શક્યા નથી. તો આ દાખલો તમામ ને સ્વીકારવો જોઈએ..

આપણી પાસે તો કેવી મસ્ત યોજના છે વિચાર લલ્યો અમૃત કુંભ અને યુવા સુરક્ષા કવચ યોજના અને સામાજિક અને સોપાનો પણ છે જ.. સહુ કોરોનાગ્રસ્ત લોકો માટે પ્રધાનમંત્રી કેર ફંડમાં (PM Care Fund) રૂપિયા ત્રણ લાખની મદદની સહાય કરીને ભિરદાવવા યોગ્ય કામ કર્યું છે.

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના એક રાજસ્થાની ગોયલ પરિવારે રાત્રિ કર્ફ્યુ વચ્ચે લગ્ન કર્યા છે. કોરોનાને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે ત્યારે જિલ્લાના ગોયલ પરિવારે પોતાના દીકરાના લગ્નમાં આવનાર મહેમાનોને સેનેટાઈઝર અને સ્ટીમ મશીન આપ્યા છે. એટલું જ નહિ પરંતુ લગ્ન સ્થળ દ્વારા કરી જે પણ ખર્ચ બચ્યો તેમાં ત્રણ લાખની રકમ પ્રધાનમંત્રી કોવિડ કેર ફંડમાં આપી સરકારની સાથે કોરોનાની લડતમાં સહભાગી પણ બન્યાછે..

આવી ભવન ને જાહેર હિત માં ઉપયોગી થવા ની જાગેરાત કરવા સમાજ માં પણ જરૂર દીકરા દીકરી ના પરિવાર દ્વારા કરવામાં આવશે એવી પૂર્ણ નીષ્ઠિ સાથે....

ઓપચિ ખેતી અને વ્યાપાર અંગેના ટેલિગ્રામ ગ્રુપમાં જોડાવા

ઓષધિની ખેતી, મૂલ્ય વર્ધન, અને ખરીદ-વેચાણમાં રસ ધરાવતા સહુ ટેલિગ્રામ ગ્રુપમાં સામેલ થાય તો માહિતીની આપ-લે સરળતાથી થઈ શકે.

ગ્રુપમાં જોડાવા ઉપ્પરુક્ત, મોબાઈલના પ્લે સ્ટોરમાંથી 'ટેલિગ્રામ એપ' ડાઉનલોડ કરી, નીચે આપેલી લિંક ઉપર ક્લિક કરશે એટલે આપ મેસેજ ગ્રુપમાં જોડાઈ જશે.

ટેલિગ્રામ ગ્રુપ માટે લિંક - https://t.me/joinchat/RGUfShp1mEDdxK8iN9eLoQ

◆ સૃષ્ટિ સંસ્થા ◆ કૃષિ અને પર્યાવરણ મિશન ટીમ યુવાસંઘ..

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.

ઓસ્ટ્રેલિયા- બ્રિસબેન માં દીપોત્સવી સાથે ક.ક.પા. સ્નેહમિલન..


બ્રિસબેન ઓસ્ટ્રેલિયા માં ક.ક.પા. યુવાઓ વિવિધ પરિવાર ના ત્યાં એક પરિવાર બની ને સામાજિક વાતાવરણ ને તાજોતાજુ કરે છે.. દિવાળી નું સ્નેહમિલન ની તસ્વીર..

શ્રી ઉમિયા માતાની અસીમ કૃપા તથા પરિવારના વડીલોના આશિર્વાર્દથી અમોએ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, બ્રિસબેન ખાતે દિપાવલી પર્વ તથા નવા વર્ષના સ્નેહ મિલનનું ૦૨ દિવસ શનિવાર તા. ૧૪/૧૧/૨૦ અને રવિવાર તા. ૧૫/૧૧/૨૦ ના રોજ આયોજન કરેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ગીરીબેન રવજીભાઈ પટોળીયા (લાલ-માલસા, કચ્છ-નખત્રાણા) એ ઉપસ્થિત રહીને દુરિત સૌને સુખ આશિષ તથા શુભ કામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં ૦૯ પરિવારના કુલ ૨૨ સભ્યોએ હાજરી આપી હતી, જેમાં... ૧. અંકિતાબેન-શૈલેષભાઈ પોકાર તથા પુત્રી આર્યા અને પુત્ર રિયાન્સ (લાલ-ભવનપુરા કંપા, કચ્છ-જયાપર)

૨. મમતાબેન-રાજુભાઈ મેયાત તથા પુત્ર જય (લાલ-ગોઝારિયા , કચ્છ-દયાપર)

૩. તુલસીબેન-મિતેશભાઈ પોકાર તથા પુત્રિ દિવા (લાલ- નવસારી, કચ્છ-કાદીયા મોટા)

૪. રિતુબેન-વિરેશભાઈ રાજાણી તથા રિષાન તથા વિભાન (લાલ-માણસા, કચ્છ-નખત્રાણા)

૫. દિરલ-અશ રુડાણી (લાલ-મઝાદેવપુરા કંપા, કચ્છ-નખત્રાણા)

૬. મૈત્રિ-જલ્પેશ પોતુ (લાલ-નખતરાઇ કંપા, કચ્છ- કોટડા ચકાર)

૭. ખંજી-હલ પોકાર (લાલ-કુંકેલી વાડોદરા, કચ્છ-માનુવા)

૮. જ્યોતિ-પાર્થ પોતુ (લાલ-ચરિયુડા કંપા ક્રિમિનનગર, કચ્છ-માનુવા)

૯. કૃપાલ પોકાર (લાલ-કુંકા અમદાવાદ, કચ્છ-નખત્રાણા)

સતત બે દિવસના આ કાર્યક્રમમાં શનિવારના રોજ સવારે પિકનિક તથા રાત્રે વિપ્રેશભાઈના નિવાસસ્થાને દિવાળીનું આયોજન કરેલ. જેમાં બધાએ મળીને દિપ તથા તારામંડળ પ્રગટાવી દિપાવલીની ઉજવણી કરી અને રાત્રિનું ભોજન સાથે કર્યું.

બીજા દિવસે રવિવારના રોજ સવારે ૧૦ વાગે શૈલેશભાઈ પોકારના ઘરે નવા વર્ષના સ્નેહમિલન માટે એકત્ર થયા જ્યા સામાજિક વાતો કરતા એકબીજાને શુભેચ્છા પાઠવી, બપોરનું ભોજન સાથે કર્યું. તદ્દઉપરાંત શ્રી રમતોનો આનંદ લેતા કાર્યક્રમને પૂર્ણ કર્યો.

દિપાવલીના આ પાવન પર્વ પ્રેમ, સાષ્ટિ, આયુષ્ય, સીભાગ્ય અને સલ્મવાનાની અવિરત જ્યોત આપણા જીવનમાં ઝગમગતી રહે તથા નવા વર્ષમાં આપની તથા આપના પરિવારની સુખ, શાંતિ અને સમૃધ્ધિમાં વધારો થાય એવી મા ઉમિયાને પ્રાર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિવાર, બ્રિસબેન ઓસ્ટ્રેલિયા વતી..

વિપેશ રવજીભાઈ રામાણી

સંયોજક બ્રિસબેન ઓસ્ટ્રેલિયા

ગૌમાતાના વિશિષ્ટ ગુણધર્મોની સંક્ષિપ્તમાં જાણકારી



૧. ગૌમાતા જે જગ્યાએ ઊભી રહીને પુંછડીથી શ્વાસ લઈ શકે ત્યાં વાસ્તુ-દોષનું નિવારણ થઈ જાય છે.

૨. જે જગ્યાએ ગૌમાતા ખુશીથી ભાંભરે એ જગ્યાએ દેવી-દેવતાઓ હુલ્લો વરસાવે છે.

૩. ગૌમાતાના ગળામાં ટોકરી અવશ્ય બાંધવી. ગાયના ગળામાં બાંધેલી ટોકરી વાગવાથી ગૌમાતાની આરતી થાય છે.

૪. જે લોકો ગાયની સેવા અને પૂજન કરે છે, તેના ઉપર આવનારું સમગ્ર દુઃખ-સંકટ ગૌમાતા હરી લે છે.

૫. ગૌમાતાની ખરીમાં નાગદેવતાનો વાસ હોય છે, જે જગ્યાએ ગૌમાતા ફરે-ફરે છે તે જગ્યાએ સાપ અને વિંછી ક્યારેય આવતા નથી.

૬. ગૌમાતાના છાણ-ગોમૂત્રમાં લક્ષ્મીજીનો વાસ હોય છે.

૭. ગૌમાતાની એક આંખમાં સૂર્યદેવ અને બીજી આંખમાં ચંદ્રદેવ નો વાસ હોય છે

૮. ગૌમાતાના દૂધમાં સોનેરી તત્વો મળી આવે છે, જે રોગોની સ્મશાનો નાશ કરી નાખે સવારે અડધો કલાક ગૌમાતાની પુંછ ઉપર હાથ ફેરવવાથી રોગ નો નાશ થાય છે.

૧૧. એક ગૌમાતાને લીલોચારો ખવડાવવાથી તેત્રીસ કોટિ (તેત્રીસ પ્રકારના) દેવી-દેવતાઓને ભોગચડે છે.

૧૨. ગૌમાતાનાં દૂધ, ઘી, માખણ, દહી, છાણ-ગોમૂત્ર અને ગૌમૂત્રથી બનાવેલ પંચગવ્યોમ હજારો રોગોનો ઇલાજ છે, આનાં સેવનથી અસાધારણ રોગ મટી જાય છે.

૧૩. જે વ્યક્તિની ભાગ્ય-રેખા સુફુલ હોય એ વ્યક્તિએ પોતાની હથેળીમાં ગોળ રાખી ગૌમાતાની જીભથી હથેળી ચટાડવી. ગૌમાતાની જીભથી ઘઉં રાખેલ ગોળને ચટાડવાથી એ વ્યક્તિની ભાગ્ય-રેખા જાગૃત થઈ જાય.

૧૪. ગૌમાતાના ચારેય પગની વચ્ચેથી પસાર થઈને પરિક્રમા કરવાથી મનુષ્ય ભયમુક્ત થઈ જાય છે.

૧૫. ગૌમાતાના ગર્ભ માંથી મહાન વિદ્વાન ધર્મ રક્ષક ગોકર્ણ મહારાજનો જન્મ થયો હતો.

૧૬. ગૌમાતાની સેવા માટે પૃથ્વી પર દેવી-દેવતાઓએ અવતાર લીધો હતો.

૧૭. જ્યારે ગૌમાતા વાછરડાને જન્મ આપે ત્યારે પહેલું દૂધ નિસંતાન મહિલાને પીવડાવવાથી એમનું વાંઝપ્પા-મેણું મટી જાય છે. અથવા બાંઝપણાનું નિવારણ થઈ જાય છે.

૧૮. સ્વસ્થ ગૌમાતાનું ગૌમૂત્ર દરરોજ જે તોલા સાઠ કપડામાં ગાળીને પીવાથી તમામ રોગ મટી જાય છે.

૧૯. ગૌમાતાની પ્રેમાળ અને ઘૂંહળી નજર-દ્રષ્ટિ જેના ઉપર પડે, એના ઉપર ગૌમાતાની કૃપા થઈ જાય છે.

૨૦. કાળી ગાયનું પૂજન કરવાથી નવ ગ્રહ શાન્ત રહે છે, જે ખાનપૂર્વક ધર્મની સાથે ગાયનું પૂજન કરે છે એમને શત્રુ-દોષ થી છુટકારો મળે છે.

૨૧. ગાય એક હાલતું-ચાલતું (સજીવ-ફરતું) મંદિર છે.

આપણા સનાતન ધર્મમાં તેત્રીસ કોટિ (તેત્રીસ પ્રકારના) દેવી-દેવતાઓ છે.

આપણે દરરોજ તેત્રીસ કોટિ દેવી-દેવતાઓના મંદિરે જઈ શકતા નથી, પરંતુ ગૌમાતાના દર્શન માત્રથી સમસ્ત દેવી-દેવતાઓના દર્શન થઈ જાય છે.

૨૨. કોઈપણ શુભ કાર્ય અટકેલું હોય, વારંવાર એ જ કાર્ય કરવાથી સફળતા ન મળતી હોય તો ગૌમાતાના કાનમાં કહેવાથી અટકી પડેલું કાર્ય પૂર્ણ થઈ જશે.

૨૩. ગૌમાતા સુખદાયક છે.

હે... ગૌમાતા તમે અનંત..! તમારાં ગુણ અનંત..!

એટલું મારામાં સામર્થ નથી કે હું તમારાં ગુણલાં ગાઈ શકું...! અથવા પ્રશંસા કરી શકું....!

ગૌમાતા માટે શુરુવીર થયા... અને ધાળીયા થઈને પૂજાયા...

ગૌશાળાનાં નિર્માણ થયાં....

જરૂર સત્વનો અહેસાસ કરજો....

ગૌ માતા માટે નો આ અભિગમ સા માટે... !!

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.

ચિંતનકણિકા

મોટા ભાગનાં માતાપિતા પોતાના બાળકના વિકાસ માટે પ્રયત્નશીલ હોય છે, પણ સાચી દિશા પકડાતી નથી...

કારણ કે વિકાસના યોગ્ય સ્વરૂપને તેઓ સમજ્યા હોતાં નથી. વિકાસની અવધારણા ન સમજવાને કારણે એમના પ્રયત્નો પણ યોગ્ય દિશામાં નથી થઈ શકતા. પરિણામે બાળકનો વિકાસ એ માતાપિતા માટે અસંતોષનો વિષય જ બની રહે છે.

બાળકો માતાપિતા - પરિવારની અપેક્ષા અને પોતાની વાસ્તવિક સ્થિતિ વચ્ચે સતત તાણ અનુભવતાં રહે છે. મોટાભાગનાં માતાપિતાને એવું જ લાગતું હોય છે કે બાળકનો વિકાસ અપેક્ષિત ગતિથી અને તીવ્રતાથી નથી થઈ રહ્યો. વાસ્તવમાં દરેક બાળકની ગ્રહણશક્તિની માત્રા જુદી જુદી હોય છે, જેને કારણે કોઈ ધીમેથી વિકસે છે તો કોઈ ઝડપથી.

બાળકને શિક્ષણના માધ્યમથી મળતી માહિતીનું રૂપાંતર જે ગતિથી 'સમજણ'માં થાય તે, એ બાળકના વિકાસની ગતિ હોય છે. એ ત્યારે જ શક્ય બને જ્યારે શિક્ષણનું સ્વરૂપ દિશાલક્ષી અને અનુભવજન્ય હોય...અને એ પ્રક્રિયાનું શિક્ષણ આનંદમૂલક પણ હોય.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ વેલ્ફેયર ટ્રસ્ટ.

SUV International School.



મિશન વેરમેન અને VP યુવાસંઘ જેમનું પોતાનું લક્ષ છે વિનિગ વિક્સ અને તે સનાતન પત્રિકા ના પ્રચાર પ્રસાર ના એક મહત્વની દિશા તરફ આગે કૂચ કરવાના અભિગમ ધરાવે છે. સનાતન પત્રિકા ના દીપોત્સવી અંક માં લેખો અને વિપ્રેસના નું વાંચન કરતા મોહન ધોળું, પેટલાદ..

હર સાલ સોમનાથ મંદિર મે કાર્તિક પૂર્ણિમા પર યહ દુર્લભ દ્રશ્ય કે દર્શન કરનેકો મિલતા હૈ જિસમે સાલમે સિર્ફ એક બાર ચંદ્રમા, કલશ ઔર શિવલિંગ એક સિધી રેખા મે આતે હૈ !!

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા"૧ મિનિટ ના સમાચાર માં પુછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧/૧૨/૨૦૨૦ સવાલ નંબર -૧૬૧:

ભારત નો પ્રથમ એકસપ્રેસ હાઈવે ક્યો ને ક્યા બે શહેર ને જોડે છે ?

સાચો જવાબ આપનાર- અલ્પા મયુર સાબલા - ચીખલી, મોબાઈલ- ૭૩૮૩૨૩૫૦૦૧

સવાલ નંબર -૧૮૨:

નરેન્દ્ર મોદી નું પૈતૃક ગામ ક્યું નામ ને ક્યાં આવેલું છે ?

આજના પ્રશ્ન માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઇનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

-: પુષ્પાંજલી :-

સ્વઃ પ્રેમીલાબેન ખેતાભાઈ ધનાણી (રામાણી)


ઉમર વર્ષ. ૭૦, ગામ : - નખત્રાણા (નવાવાસ)

છગનભાઈ તેજમ રમેશભાઈના માતુશ્રી તારીખ: ૧/૧૨/૨૦ સોમવાર રોજ દુઃખદ અવસાન થયે પુષ્પઅંજલી અર્પણ કરીએ..

છગનભાઈ ધનાણી, કચ્છ રિજીયન વેરમેન ના માતુશ્રી ના પરલોક ગમન નિમિત્તે પ્રાર્થના..

માતાજ ના આમ અચાનક અવસાન થયે થી આવી પડેલ દુઃખ ને સહન કરવાની પ્રભુ અપાર શક્તિ પ્રદાન કરે..

પરિવાર ના મા એક મોભ હોય છે જે સગળા ને બાંધ રાખે છે.. આપણા છોકરે માં અને ઘરનાર ના પણ તેમનો જ ફિલ્કાઇળો હોય છે..

આજે આપણે મોટા થયા ને પ્રગતિ કરીએ સામાજિક જવાબદારીઓ ઉપાડીએ અને તેમાં સફળ થઈએ એનો આનંદ માતા ને ખુબજ હોય છે અને તે મુક રહી એના હાથ ના જ એક રમકડાં ને વિસ્તારમાં મા પ્રસિદ્ધ અને સર્વ ના લોકચાહના પામતા જોઈ ને ગર્વ અનુભવતા હોય છે.

મા ના મોટા પિતા ના ટહુકા અને ઠપકા પણ અપાર લાગણી ને પોષ વહેતા હોય છે.. જેની પ્રતીતિ તો "યાદ રહ્યાં બીજા વરદા ના વાં" ની પંક્તિમાં જ અભિવ્યક્ત છે..

પ્રભુ ના દરબાર માં પણ આપણી માતુ શક્તિ ની અતિ આવશ્યકતા જણાઈ ને તો જ તો પ્રભુએ તેઓને ત્યાં સ્થાન આપવા આપણી વચ્ચે થી એમના આત્મા સ્વરૂપે લઈ ગયા..

એમના આત્મા ને પ્રભુ નીરવ શાંતિ અર્પે અને એમના સ્નેહ લાગણી સભર પરિવાર ના વ્યક્તિ ને પ્રભુ અપાર શક્તિ અર્પે એવી પ્રાર્થના કરીએ છે..

કચ્છ રિજીયન, યુવાસંઘ..

માનદ મહામત્રી, અશોક કાકરાણી, જનકપુર

IPC. જયંતીલાલ પારસિયા, મદનપુરા.

વાઈસચેરમેન , શાંતિલાલ નાકરાણી, વિરાણી

ગ્રીનલેન્ડ કાઠ્ઠિલ

અંબાલાલ પોકાર, ગાંધીધામ

પરસોતમ વાલાણી, કપરવેજ.

કચ્છ રિજીયન તમામ રિવિઝન ટીમ..

પૂર્વ ચેરમન KCR શૈલેષ પોકાર, નખત્રાણા

કચ્છ રીજીયન ટ્રીસ્ટીઓ વેરમેન

નરસી પોકાર.. રમેશ રામાણી

મનોજ દ.ગાંધા.. હિતેશ પોચાણી

& ચંદ્રકાન્ત ભાવાણી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ...

નોંધ: કોરોના મહામારી ને ધ્યાન માં લઈ ને એસલુ રાખેલ નથી પણ દિવગત ના આત્મા ને શાંતિ મળે તે માટે આપણે ને દિલથી પ્રાર્થના કરવાની છે

પ્રવક્તા- સજેય સેંધાણી, ગઢસીસા..

અવસાન નોંધ

તારીખ: ૩૦/૧૧/૨૦

સ્વ. રતનશી દેવજી રામાણી, ઉમર : ૭૦ વર્ષ, કચ્છ : પદુલી, હાલે : ઓરંગાબાદ.

સ્વ. જીવરાજ લધાભાઈ પોકાર, ઉમર : ૬૨ વર્ષ, કચ્છ : પલીવાડ

તારીખ: ૦૧/૧૨/૨૦

સ્વ. મગનભાઈ વીરજી દિવાણી, ઉમર : ૭૨ વર્ષ, કચ્છ : મોટી વિરાણી

સ્વ. પ્રેમિલાબેન ખેતાભાઈ ધનાણી, ઉમર : ૭૦ વર્ષ, કચ્છ : નખત્રાણા

સ્વ. હંસરાજ વિશ્રામ ભગત, ઉમર : ૭૯ વર્ષ, કચ્છ : નાના અરલ, હાલે : ભુજ

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.